

મેઘરજ પી.સી.એન. હાઈસ્કૂલ ખાતે રસ્સા ખેંચ સ્પર્ધા યોજાઈ

ખેલ મહાકુંભ-૨૦૧૮ અંતર્ગત જિલ્લાકક્ષાની રસ્સાખેંચ સ્પર્ધા મેઘરજ પી.સી.એન. હાઈસ્કૂલ ખાતે યોજવામાં આવી હતી. જેમાં ઓપન એજ ગ્રુપ ભાઈઓ-બહેનો, ૪૦ વર્ષ ઉપર ભાઈઓ બહેનો, ૬૦ વર્ષ ઉપર ભાઈઓ બહેનોએ રસ્સા ખેંચ સ્પર્ધામાં ભાગ લીધો હતો. અરવલ્લી જિલ્લાના ૬ તાલુકાઓની ટીમોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ૪૦ વર્ષ ઉપર અને ૬૦ વર્ષ ઉપર રસ્સા ખેંચ સ્પર્ધામાં મોડાસા (ખંભીસર)ની ટીમ વિજેતા બની હતી. વિજેતા ટીમના માર્ગદર્શક અને સલાહકાર કેતન પટેલ, ભાવેશ પટેલ અને વી.પી. પ્રજાપતિએ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. મેઘરજ પી.સી.એન. હાઈસ્કૂલના વ્યાયામ શિક્ષક મુકેશભાઈ પટેલે સમગ્ર રમતોનું સફળ સંચાલન કર્યું હતું.

### મોડાસા તાલુકા સહિત અરવલ્લી જિલ્લામાં

# કપાસમાં વ્યાપક સુકારો આવતા ૬૦ ટકા ઉત્પાદન ઘટ્યું

### મોડાસા તાલુકામાં કપાસ પકવતા ખેડૂતોનએ પાક વીમો લીધો હોઇ તટસ્થ રીતે નુકસાની આંકવા ઉગ્ર માંગ

મોડાસા, તા.૩૦

અરવલ્લી જિલ્લામાં ચાલુ ખરીફ મોસમમાં ૪૪૪૯૫ હેકટરમાં કપાસનું વાવેતર થયું છે.આ વર્ષે શરૂઆતથી જ ઓછો છતાં માફકસરનો વરસાદ રહેતાં અને પાછોતર વરસાદની ખોટ પણ તાજેતરમાં ભાદરવે ભરપૂર વરસીને પુરી થતા સારો કપાસ થવાની અને મહેનત ઉગી નીકળશે એવી આશાઓ થકી કિસાનોમાં ખુશી વર્તતાતી હતી .પરંતુ આ આશાઓ સુકારાના વ્યાપક ઉપદ્રવને કારણે ઠગારી નીવડી છે.

અરવલ્લી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલે જણાવ્યું કે જિલ્લામાં ચાલુ ખરીફ સીઝનમાં ૪૪૪૯૫ હેકટરમાં કપાસનું વાવેતર થયું છે.જેમાં જિલ્લામાં સૌથી વધુ બાયડ તાલુકામાં ૧૪૯૬૪ હેકટર જ્યારે મોડાસા તાલુકામાં ૯૯૭૫ હેકટરમાં વાવેતરનો સમાવેશ થાય છે.

તેમણે જણાવ્યું કે ઘણા ખેડૂતોએ તો આગોતરા આયોજનો થકી કપાસ ઉગાડ્યો હતો.કપાસમાં માવજતની કોઈ કસર નહિ રાખીને ખેડૂતોએ મોંઘુ બિયારણ, દવા,મોંઘાં ખાતર વાપરીને મહેનત મજૂરી કરીને કપાસ પકવવા પરિવાર સહિત તમામ સભ્યોએ કસર છોડી ન હતી.પરંતુ કિસાનનું તકદીર બે ડગલાં આગળ જ દોડતું હોઈ કમનસીબે



જ્યારે કપાસ એના ઉત્પાદનના છેલ્લા તબક્કામાં આવ્યો છે ત્યારે હમેશાં બને છે તેમ આ વર્ષે પણ કપાસમાં સુકારો લાગી જતા ખેતરોના ખેતરો ખાલી થતા જોવા મળી રહ્યા છે.

આ સંજોગોમાં પાક વીમા યોજનામાં જોડાયેલા ખેડૂતો નુકસાનના વળતર પેટે વાજબી પાક વિમાની રકમ મળે તે માટે કાગડોળે રાહ જોતા રહે છે ત્યારે આ વર્ષે કપાસમાં મોડાસા તાલુકા સહિત જિલ્લામાં જ્યાં જ્યાં આવા સુકારાએ ભરડો લીધો છે ત્યાં ૬૦ ટકા થી વધુ ઉત્પાદનમાં ફટકો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે જ્યારે ક્યાંક તો ૨૫ ટકા કપાસ પાકે તો નસીબ..એવી કમનસીબીભરી અવદશા સર્જાઈ છે ત્યારે કપાસ પાક વીમો લેનાર ખેડૂતોને કોઈ અન્યાય વિના સાચા મુલ્યાંકન કરીને પાક વીમો મળે તે માટે સંબંધિત એજન્સીઓ અને તંત્ર ઉપર ચાંપતી નજર રાખવા પણ અધ્યક્ષ દ્વારા કૃષિવિભાગ સહિતના સબંધીતોને રજૂઆત કરી છે ત્યારે તટસ્થ અને સાચા સર્વે કરીને થયેલા નુકસાનના મૂલ્યાંકન કરી પાક વીમો મંજુર કરી આપવા અને ખેડૂતોને નુક્સાનીમાંથી ઉગારવા તેમણે માંગ ઉઠાવી છે.ભુતકાળના અનુભવોએ ખેડૂતોને ઘણું જ સહન કરવું પડ્યું છે જેના ઉકેલ તરીકે જ્યારે પાક વીમા યોજના અમલી બની છે ત્યારે તેનો ન્યાયિક ધોરણે કિસાનો લાભ લેવા હક્કદાર છે જે મળવો જોઈએ તેમ ભારપૂર્વક આ રજુઆતમાં કહેવામાં આવ્યું છે.

# સમગ્ર વિશ્વએ ગાંધી વિચારધારાનો સ્વીકાર કર્યો છે : ભૂપેન્દ્રસિંહ

મહાત્મા ગાંધીની ૧૫૦ મી જન્મ જયંતિ નિમિત્તે આજરોજ રાજયના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને ગાંધીનગરના



જિલ્લાના શિક્ષકોએ ખાદી ગ્રામદ્યોગ ભવન, સેકટર-૧૬, ગાંધીનગર ખાતેથી ખાદીના વિવિધ વસ્ત્રોની અને અન્ય ખાદીના કપડાની ખરીદી કરી હતી.

આ પ્રસંગે શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, આજથી ૧૫૦ વર્ષ પહેલા મહાત્મા ગાંધીજીનો જન્મ થયો હતો. આજના દિવસે કોઈ વ્યક્તિ નહી, પણ યુગનો જન્મ થયો હતો. સમગ્ર વિશ્વએ ગાંધીની વિચારધારાનો સ્વીકાર કર્યો છે. આપણી આઝાદીની લડત સમયે પ્રતિકરૂપે ચરખો હતો. ચરખો કાંતિને લોકો ખાદીના વસ્ત્રો પહેરે તથા વણાટ કામ કરતાં લોકોને રોજગારી મળતી હતી. ગુજરાત રાજયના શિક્ષણ મંત્રી તરીકે મેં રાજયના શિક્ષકગણને એક દિવસ ખાદી પહેરવાનો અનુરોધ કર્યો હતો. જેની ફલશ્રૃતિ રૂપે આજે દર મંગળવારે શિક્ષકો ખાદી પહેરે છે. જેનાથી રૂપિયા ૩ કરોડ ૫૦ લાખ જેટલી ખાદીની ખરીદીમાં વધારો થયો છે. ખાદીની માંગ વધશે તો ઉત્પાદન વધુ કરવું પડશે. જેથી આ ક્ષેત્રેમાં રોજગારી પણ વધશે. ગાંધી જયંતિ નિમિત્તે આજે રાજયના ૧૩ જિલ્લાઓમાં અંદાજે ૪૦ લાખ જેટલા રૂપિયાની ખાદીની ખરીદી થઈ હોવાનું પણ જણાવ્યું હતું.

મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ખાદી ગ્રામદ્યોગ ભવન ખાતેના વિવિધ ખાદીના વસ્ત્રોની માહિતી મેળવી હતી. તેમજ ખાદીની ખરીદી પણ કરી હતી. આ પ્રસંગે તેમની સાથે ઉચ્ચ શિક્ષણ વિભાગના સચિવ અંજુબેન શર્મા, સચિવ વિનોદ રાવ, ઉપ સચિવ અશોકસિંહ પરમાર, માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન એ.જે.શાહ, રાજય પરીક્ષા બોર્ડના પ્રફુલ જલીત, શાળાઓના નિયામક જે.ડી.દેસાઈ, એસએસએના ડાયરેકટર પી. ભારતી, ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી એસ.એમ.બારડ સહિત મોટી સંખ્યામાં ગાંધીનગર જિલ્લાના વિવિધ શાળાઓના શિક્ષકો જોડાયા હતા. આ પ્રસંગે ખાદી ગ્રામદ્યોગ ભવન દ્વારા મંત્રીને ગાંધી જન્મ જયંતિ નિમિત્તો મહાત્મા ગાંધીની મૂર્તિ સ્મૃતિ ચિહ્નન રૂપે આપવામાં આવી હતી.

## જિલ્લા કક્ષાનો સર્વધર્મ પ્રાર્થના અને મહાત્મા ગાંધીના વિચારોનું વાંચન કરવાનો કાર્યક્રમ યોજાયો

મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિની નિમિત્તે ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લા કક્ષાનો સર્વધર્મ પ્રાર્થના અને મહાત્મા ગાંધીના વિચારોનું વાંચન કરવાનો કાર્યક્રમ સેન્ટ્રલ વિસ્ટા- સ્વર્ણિમ પાર્ક ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સચિવાલય સંકુલમાં આવેલી પ્રતિમાને પુષ્પાજંલિ કાર્યક્રમ અને ગાંધીનગર એસ.ટી.ડેપો ખાતે સ્વચ્છતા અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સેન્ટ્રલ વિસ્ટા - સ્વર્ણિમ પાર્ક ખાતે યોજાયેલ સર્વધર્મ પ્રાર્થના અને મહાત્મા ગાંધીના વિચારોનું વાંચન કરવાનો કાર્યક્રમને કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા, રાજય આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિભાઈ અમીન, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલે અને ગાંધીનગર ( દ ) ના ધારાસભ્ય શંભુજી ઠાકોરે દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મુક્યો હતો.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાએ જણાવ્યું હતું કે, આજે સમગ્ર દેશમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે. મહાત્મા ગાંધી વ્યક્તિ નહી, વિચારધારા બની ગયા છે. તેઓના સત્ય- અહિંસા માટેના ચિંતનો- વિચારો આજે પણ સમગ્ર વિશ્વ માટે ઉપયોગી બની રહ્યાં છે. વ્યક્તિના સ્વાલંબન, સર્વાંગી વિકાસ માટે તેઓએ બુનિયાદી શિક્ષણની ભેટ દેશને આપી છે. આજની નવયુવાન પેઢીને તેમના વિચારો, આદર્શો અને તેમના વ્યક્તિત્વથી પરિચિત કરવા ખૂબ જરૂરી છે.



ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજથી જનસંપર્ક અભિયાન સેક્ટર-૧૭ ખાતેથી શરૂ કરવામાં આવ્યુ હતુ. આ જનસંપર્ક અભિયાનમાં પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી નિશીત વ્યાસ, ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, જિલ્લાના પ્રભારી એ.આઈ.સી.સી.ના સેવાદળના કલ્પનાબેન ભટ્ટનાગર, શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહ, મનપાના વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, કાઉન્સીલરો જીતુ રાયકા, મીનાબેન વાઘેલા, રમીલાબેન વાઘેલા, હિરલ જોશી, પીન્કીબેન પટેલ, પૂર્વ પ્રમુખ મુકેશભાઈ પટેલ, રાજેન્દ્રસિંહ સહિતના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.




ધનસુરાના શીકા ગામે ગાંધી જયંતિ નિમિત્તે સ્વચ્છતા રેલી યોજાઈ હતી

ધનસુરા તાલુકાના શીકા ગામે ગાંધી જયંતિ નિમિત્તે સ્વચ્છતા રેલી યોજાઈ હતી. જેમાં શાળાના બાળકો એ સ્વચ્છતા ના બેનરો સાથે રેલી કાઢી હતી. જેમાં ધનસુરા તાલુકા પંચાયત ના પ્રમુખ કનુભાઈ પટેલ રેલીમાં જોડાયા હતા. સાથે શાળા ના શિક્ષકો પણ રેલી માં જોડાયા હતા.

## ગાંધીનગર ભાજપ દ્વારા ખાદી ખરીદી અને સફાઈ અભિયાન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા ૨જી ઑક્ટોબરના રાષ્ટ્રપિતા પરમ પુજય મહાત્મા ગાંધીબાપુની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે ગાંધીનગરના વોર્ડ ન.૫,ના પાટનગર યોજના ભવન, સેક્ટરઃ ૧૬ ખાતે ગાંધીનગર મહાનગર ભા.જ.પ.દ્વારા પૂજ્ય મહાત્મા ગાંધી જયંતિની ઉજવણીના ભાગરૂપે કેન્દ્રીય પરિવહન મંત્રી આદરણીય મનસુખભાઈ માંડવીયા સાહેબની પ્રેરક ઉપસ્થિતિમાં પૂજ્ય બાપુને પ્રિય એવા ખાદી ખરીદી તેમજ સ્વછતા અભિયાન નો કાર્યક્રમ યોજાયેલ.જેમાં વિધાનસભાના પૂર્વ ડેપ્યુટી સ્પીકર અને ધારાસભ્ય શંભૂજી ઠાકોર, મહાનગર ભા.જ.પ. ના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ,મેયર પ્રવીણભાઈ પટેલ,ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા,પૂર્વ ગુડા ચેરમેન આશિષભાઈ દવે,પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા સહિત સંગઠનના હોદ્દેદારો,મ્યુનિસિપલ કાઉન્સિલરઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા.ગાંધીનગર મહાનગર પાલિકાના એસ. આઈ.સહિત સફાઈ કામદારોએ પણ સુંદર સેવા પૂરી પાડેલ જેને સર્વેએ બિરદાવી હતી.



## ખેડબ્રહ્મા કોલેજમાં ગાંધી જયંતિ ઉજવાઈ

ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મામાં તા. ૨ ઓક્ટોબર-૨૦૧૮ને મંગળવારના રોજ ૧૫૦મી ગાંધી જયંતિ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સવારમાં સૌપ્રથમ ખેડબ્રહ્મા નગરમાં પ્રભાતફેરી કરવામાં આવી. ત્યારબાદ કોલેજ સભાખંડમાં સર્વધર્મ પ્રાર્થના તેમજ કોલેજના આચાર્ય એન.ડી. પટેલે પ્રવર્તમાન સમયમાં ગાંધીજીની ઉપદેયતા સમજાવી હતી. તદ્ઉપરાંત ગાંધીજીના જીવન વિષયક 'સત્યના પ્રયોગો' વિશે અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક ડૉ. રોહિત જે. દેસાઈએ મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. તે પછી ગાંધી વિષય ડોક્યુમેન્ટરી ફિલ્મ શૉ નું પ્રદર્શન યોજાયું હતું. આ સંદર્ભે કોલેજ પરિસરમાં વાંચે ગુજરાત અંતર્ગત ગાંધીજીના 'સત્યના પ્રયોગો' પુસ્તકનું અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા વાંચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગાંધીજીના ગ્રંથો સંદર્ભે એક પુસ્તક પ્રદર્શન પણ યોજાયું હતં. કાર્યક્રમના અંતે 'સ્વચ્છતા 'અભિયાન' અંતર્ગત કોલેજ પરિસરની સફાઈ કરવામાં આવી હતી. જેનો લાભ ઉપસ્થિત સૌએ લીધો હતો. આ કાર્યક્રમમાં અધ્યાપકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસરો ડૉ. જે.એસ. રાઠવા તથા ડૉ. કે.ડી. પટેલ તેમજ એન.સી.સી.ના નિર્દેશક ડૉ. દિલીપ સોંદરવા દ્વારા કરવામાં આવ્યું હતું.

## પોરબંદરમાં માનવ સાંકળ થકી મહાત્મા ગાંધીની પ્રતિકૃતિ રચાઈ

પોરબંદરમાં મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિએ ચોપાટી મેદાનમાં માનવ સાંકળ થકી મહાત્મા ગાંધીના ચહેરાની પ્રતિકૃતિ રચવાનો વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કરવા પ્રયાસના આજના અદભૂત કાર્યક્રમ માટે પોરબંદરના લીઓ કલબ અને રોટરેકટ કલબના દેશપ્રેમી અને ખંતીલા યુવાનોની ટીમની ત્રણ મહિનાની મહેનત અંતે સાકાર થઈ હતી.

પોરબંદરની ચોપાટી ખાતે આજે સવારે યોજાયેલા માનવ સાંકળના સફળ કાર્યક્રમની રૂપરેખા આપતા હિતેશ કારીયાએ જણાવ્યું હતું કે, ચિરાગ કારીયાના વિચારથી અમારી ટીમે વર્ષ ૨૦૧૫માં ગોઢાણીયા કોલેજમાં અશોક ચક્રની પ્રતિકૃતિ માનવ સાંકળથી બનાવી હતી. તેમાં સફળતા મળતા મહાત્મા ગાંધીના ચહેરાની પ્રતિકૃતિ રચવા નક્કી કરવામાં આવ્યુ હતું જેમાં ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ આવતી હોવાથી રોટરેકટ કલબ અને લીઓ કલબના આ યુવાનોએ આ ભગીરથ કાર્ય પાર પાડવા સતત ત્રણ મહિના સુધી સ્વામીનારાયણ ગુરૂકુળના મેદાનમાં રિહર્સલ કર્યું હતું. માનવ સાંકળમાં એક પણ વ્યક્તિની લાઈનદોરી પર ગેરહાજરી હોય તો જગ્યા રહી જાય તો ચહેરો સ્પષ્ટ ન બને જેથી તે માટે દરેક વખતે પ્રેક્ટીસ સમયે ડ્રોન રાખવું શકય ન હોય આ આયોજક યુવાનો ગુરુકુળના બિલ્ડીંગો પર જઈને નિરીક્ષણ કરી નીચે ઉભેલા સ્વયં સેવકોને માર્ગદર્શન આપતા હતા.




સમગ્ર રાષ્ટ્ર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવવા તત્પર બન્યું છે અને વડાપ્રધાને આ પ્રસંગે પૂ. બાપુએ ચીંધેલા સ્વચ્છતાના સંદેશને જીવનમાં અપનાવવા હાંકલ કરી છે ત્યારે ગાંધીનગરની દેના ગુજરાત ગ્રામીણ બેંક દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

### હિંસક બની

● અનુસંધાન પહેલાનું ચાલુ

આંદોલન જારી રહેશે. દિલ્હીમાં પ્રવેશ કરવા માટે મક્કમ બનેલા ખેડૂતોને રોકવા માટે તમામ પ્રયાસ કરાયા હતા. દિલ્હી-ઉત્તરપ્રદેશ સરહદ ઉપર રોકવા માટે પોલીસે બળનો પ્રયોગ કર્યો હતો. પાણીનો મારો ચલાવ્યો હતો. ટીયરગેસના સેલ પણ છોડવામાં આવ્યા હતા. લાઠીચાર્જ પણ કરાયો હતો. આને લઈને કોંગ્રેસ સહિત વિરોધ પક્ષોએ સરકાર ઉપર પ્રહાર કર્યા છે. કેન્દ્ર અને ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા ખેડૂતોના ઉગ્ર બનતા આંદોલનને કાબૂમાં લેવા માટે તમામ પ્રયાસ કર્યા હતા. બીજી બાજુ ખેડૂતોની નારાજગી દૂર કરવા તરત જ કેન્દ્રીય કૃષિ રાજ્યમંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત ખેડૂતોને મળવા પહોંચી ગયા હતા અને સરકાર તરફથી ખાતરી આપી હતી કે ખેડૂતોની માંગને લઈને અમે સહમત છીએ. જો કે, કેન્દ્રીય રાજ્યમંત્રીએ કેટલીક બાબતોનો ઉલ્લેખ કર્યો હતો. ભારતીય કિસાન યુનિયનના પ્રવક્તાનું કહેવું છે કે, મોટાભાગની માંગ સ્વીકારાઈ હોવા છતા ઘણી માંગ સ્વીકારાઈ નથી. આ પહેલા કેન્દ્રીય કૃષિરાજ્યમંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે ખેડૂતોની મુલાકાતને લઈને ભારતીય કિસાન યુનિયનના મુદ્દે વાત કરી હતી. ભારતીય કિસાન યુનિયન પ્રેરિત આંદોલન રાજનીતિક પ્રેરિત હોવાની પણ વાત કરી હતી. શેખાવતે કહ્યું હતુ કે, આ ચૂંટણી વર્ષ છે જેથી ઘણા લોકોના જુદા જુદા હેતુ રહેલા છે. દેશભરના ખેડૂત મોદી સરકાર દ્વારા ગણા પગલા લઈ રહી છે. લોન માફી અને ફ્યુઅલની કિંમતમાં ઘટાડો કરવા સહિત જુદી જુદી માંગને લઈને ખેડૂતો આગળ વધી રહ્યા હતા. જો કે, ખેડૂતોને દિલ્હી-ઉત્તરપ્રદેશ સરહદ ઉપર રોકી દેવામાં આવ્યા હતા. હિંસક વિરોધ પ્રદર્શનનો દોર જારી રહ્યો હતો.

### ટીમ બદલી

● અનુસંધાન પહેલાનું ચાલુ

જેમ સમગ્ર રાજ્યને કવર કરવા માટે રાજસ્થાનને ત્રણ ભાગોમાં વિભાજિત કરીને આગળ વધવાનો નિર્ણય કર્યો છે. જયપુર, જોધપુર અને ચિત્તોડગઢ એમ ત્રણ હિસ્સામાં રાજસ્થાનને વહેંચીને પ્રચાર કરવા માટેની રણનિતી તૈયાર કરવામાં આવી છે. આ ત્રણેય ટીમોમાં બે બે નેતાઓ રહેશે. અમિત શાહે ૧૦મીથી ૧૮મી ઓક્ટોબર સુધી ગ્રાસ રૂટ પર કામ કરવા માટે ત્રણ ટીમો બનાવી દીધી છે. આ ત્રણેય ટીમોમાં બે બે નેતા રહેશે. આમાં એક રાજ્ય અને કેન્દ્ર રાષ્ટ્રીય સ્તરના નેતા રહેશે. ભાજપના રાષ્ટ્રીય સંયુક્ત સચિવ વી. સતીશે કહ્યુ છે કે તમામ તૈયારી જોરદાર રીતે કરવામાં આવી રહી છે. વી. સતીશ અને સતીશ પુણિયાને જોધપુર, રાજસ્થાનના પ્રભારી અવિનાશ રાય ખન્ના અને કેન્દ્રિય રાજ્યપ્રધાન અર્જુનરામ મેઘવાલને જયપુર પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે કહેવામાં આવ્યુ છે. ભાજપના જનરલ સેક્રેટરી અને ચન્દ્રશેખર અને કેન્દ્રિય રાજ્યપ્રધાન ગજેન્દ્રસિંહ શેખાવતને ચિત્તોડગઢની જવાબદારી સોંપવામાં આવી છે.

### મુક્ત કર્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

તમામ રાજ્યોની સરકારોને આ પ્રકારનો પ્રસ્તાવ મોકલ્યો હતો. આજે એવા કેદીઓને છોડી મૂકવામાં આવ્યા છે જેમને ફાંસીની કે જન્મટીપની સજા થઈ ન હોય. તેમજ જેમનીને હત્યા, બળાત્કાર, અપહરણ, માનવ તસ્કરી, ત્રાસવાદ, સંઘઠિત ગુનાખોરી જેવા ગંભીર પ્રકારના ગુના બદલ જેલની સજા ફટકારવામાં આવી ન હોય.

જેમની સજા માફ કરવામાં આવી છે એમાં મહિલાઓ વધારે છે. ત્યારબાદ વ્યંડળો, વરિષ્ઠ નાગરિો, વિકલાંગ તથા વારંવાર બીમાર પડી જનાર કેદીઓનો સમાવેશ થાય છે. આ તમામ કેદીઓ મૂળથી ગુનેગાર નહોતા. આકસ્મિક રીતે અથવા સંજોગોને કારણે તેઓ ગુનો કરી બેઠા હતા.

### દર્દીઓ વધ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ્યારે ડેન્ગ્યુના કેસો વધ્યા છે. જોકે ચિકનગુનિયા કે અન્ય કેસો દેખાયા નથી એ પણ એટલુ જ મહત્વનું અને નોંધનીય છે.

જિલ્લા મેલેરિયાતંત્રના સૂત્રો પરિસ્થિતિ નિયંત્રણમાં હોવાનો દાવો કરી રહ્યા છે. છુટાછવાયા કેસો છે પણ કોઈ ચોક્કસ વિસ્તારમાં આ કેસો મોટી સંખ્યામાં મળી રહ્યા નથી અને તંત્ર દ્વારા સતત સર્વેલન્સ અને એન્ટી લારવેલની કામગીરીને અગ્રતા આપવામાં આવી હોવાનું પણ તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે.

### પેયજળ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દેવાયુ છે. માત્ર ગ્રામ્ય વિસ્તારોની મંજૂરી પર તેનો આધાર છે.

જિલ્લામાં હાલ પાણી સપ્તાહની ઉજવણી પણ ચાલી રહી છે અને તેમાં ગ્રામ્ય વિસ્તારમાં પાણીની વિતરણ વ્યવસ્થા તેમજ પેયજળના સ્ત્રોતો અંગે લોકજાગૃતિ અભિયાન ચાલી રહેલ છે. જિલ્લામાં ગ્રામસભા અભિયાન દરમ્યાન પણ ગ્રામ્ય વિસ્તારમાં પેયજળમાં નર્મદાનું પાણી જ વપરાશમાં લેવા માટેનો ખાસ આગ્રહ કરાશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.